| | | | | | |
|---|---|---|---|---|---|
| | | કેસ રજુ તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ | | |
| | | કેસ દાખલ તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ | | |
| | | ફેસલ તારીખ | ૦૪/૦૭/૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમયગાળો | વર્ષ | મહીનો | દિવસ |
| | | | ૦૦ | ૦૪ | ૨૩ |

**ધાનપુરના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં.**

**ક્રિમીનલ કેસ નં.૧૦૧/૨૦૨૬**

**ધાનપુર પો.સ્ટે. ગુ. ર. નં. ૧૧૮૨૧૦૧૪૨૫૦૪૧૪/૨૦૨૫**

**આંકઃ–૧૪**

ફરીયાદી::– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી::– દિતીયાભાઈ નાજુભાઈ મોહનીયા

રહે.ઉંડાર,પટેલ ફળીયુ, તા.ધાનપુર, જી. દાહોદ.

એડવોકેટ::–

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી. એલ. કે. ખરાડી

આરોપી તરફે વિ.વ.શ્રી. એન.બી. ચૌહાણ

**ગુનોઃ– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઇ), ૧૧૬(બી) મુજબ...**

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તારીખ ૦૧/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૪/૪૦ થી ૧૫/૧૦ વાગ્યા દરમ્યાન મોજે ઉંડાર ગામે આ કામના આરોપીએ પ્રોહી. પ્રતિબંધક એરિયામાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં બિનઅધિકૃત રીતે ભારતીય બનાવટના વિદેશી દારૂના છુટટા પતરાના ટીન માઉંટ ૬૦૦૦ સ્ટ્રોંગ બિયર બોટલ નંગ–૯૬ ની કુલ કિ.રૂા.૧૨,૪૮૦/– નો પ્રોહી. મુદ્દામાલ રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી આવી ગુનો કરેલ હોય આ કામના ફરીયાદીએ સદર આરોપીની સામે ધાનપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી છે.

(૨) ફરીયાદીની સદર ફરીયાદ ધાનપુર પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર

